૨/

અનુસૂચિત જાતિઓ / જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ તથા નાગરીક હક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ ના અમલીકરણ માટે **અસરકારક પ્લાન – IMPLEMENT A PLAN TO EFFICIENT PLAN** નામાભિધાન કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- હસલ/૧૦૨૦૧૫/૫૨૨૪૮/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૭/૦૧/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના કલ્યાણ મત્રાયલના જાહેરનામાં ક્ર: જીએસઆર/૮૧૬/(ઇ) તા. ૩૧/03/૧૯૯૫ થી અમલમાં મુકેલ અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો – ૧૯૯૫.

(૨) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૧/૧૨/૨૦૦૨ ના ઠરાવ ક્ર: હસલ/૧૦૨૦૦૨/૨૦૮૮/હ.

(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૮/03/૧૯૯૮ ના ઠરાવ ક્ર: હસલ/૩૧૯૭/૩૭૬૪/હ

(૪) ભારત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીની તા. ૧૪/૦૪/૨૦૧૬ ની અધિસૂચના.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની તા. ૦૨/૦૯/૨૦૧૬ ની દરખાસ્ત ક્ર: અજાક/છ-૧/૨૩૪/૨૦૧૬/૫૬૯૮.

<u>આમુખ:</u>

અનુસૂચિત જાતિઓ / જનજાતિઓના (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ તથા નાગરિક હક રક્ષણ અધિનિયમ - ૧૯૫૫ ના અસરકારક અમલ માટે વંચાણે લીધેલ ક્ર:(૧) ઉપરના તા. ૩૧/03/૧૯૯૫ ના જાહેરનામાંની કલમ - ૧૫ અનુસાર વંચાણે લીધેલ ક્ર: (૩) ઉપરના તા. ૧૮/03/૧૯૯૮ ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા ખાસ કન્ટીજન્સી પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનું નામ વંચાણે લીધેલ ક્ર: (૨) ઉપરના તા. ૨૧/૦૧૨/૨૦૦૨ ના ઠરાવથી "વિર મેઘમાયા" અત્યાચાર નિવારણ ખાસ કન્ટીજન્સી પ્લાન નામાભિધાન કરવામાં આવેલ હતું. વંચાણે લીધેલ ક્ર: (૪) ઉપરની તા. ૧૪/૦૪/૨૦૧૬

ની અધિસૂચનાથી આ યોજનાનું નામ બદલવા, **અમલ કરવા અસરકારક પ્લાન - IMPLEMENT A PLAN TO EFFICIENT PLAN** રાખવા, તેમજ યોજનાને મોડીફાઇડ કરી અસરકારક અમલ કરવા જોગવાઇ કરવામાં આવેલ છે. તદનુસાર વંચાણે લીધેલ ક્રઃ (૫) ઉપરના નિયામકશ્રી (અજાક), ગાંધીનગરના તા. ૦૨/૦૯/૨૦૧૬ ના પત્રથી યોજનાનું નામાભિધાન કરવા તેમજ મોડીફાઇડ કરવા અંગેની દરખાસ્ત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે આ યોજનાનું નામ **અમલ કરવા માટે અસરકારક પ્લાન - IMPLEMENT A PLAN TO EFFICIENT PLAN** નામાભિધાન કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ યોજના અન્વયે તા. ૧૮/03/૧૯૯૮ ના ઠરાવ મુજબ સહાયના દરો યથાવત રહેશે.

આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. 03/૦૧/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના,

(જી. બી. વણઝારા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગ

બિડાણઃ પરિશિષ્ટ - અ મુજબ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય; ગાંધીનગર.
- માન.સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે નિવાસી અધિક કલેકટરશ્રીઓ
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. (તાબા હેઠળની સંબંધીત કચેરીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)
- વિભાગની સર્વે શાખાઓ.
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.)
- એકાઉન્ટન્ટ,જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ